# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૬૨૫૧

## સલામી સવારની..

ચોરી નું કહી એ ટ્વીટરમાં જાગતા રહે છે
ખૂદથી ખૂલ્લા ન પડાય તેથી ભાગતા રહે છે
રાગતા રહે ગીત સદ્‌ભાવ-બીન સાંપ્રદાયનું -
ચાલાક વાનર બેય બાજુથી માગતા રહે છે..
(તોગડીયા-ગિરિરાજ ગોઠવણ)

## હાઇકુ

નેતાઓ નહીં -
પ્રચાર માટે અહીં
'પૈસો' ફરે છે..

'ચૂંટણી ખેલ'
ઉદ્યોગપતિઓનું -
સટ્ટા-બજાર..

## ચિંતન

*આદાનસ્ય પ્રદાનસ્ય કર્તવ્યસ્ય ચ કર્મણઃ । ક્ષિપ્રમ અક્રિય માણસ્ય કાલઃ પિલતિ તદ્ સમ્ ॥*

'તમારે જે કંઇ (વસ્તુ-પૈસા) કોઇ બીજાને પરત આપવાના હોય, કે કોઇ બીજાને માટે કંઇ કામ કરવાનું હોય તો તે ગુણવત્તા સાથે સમય મર્યાદામાં જ પરિપૂર્ણ કરી નાખવું જોઇએ. જો એ સમયસર, યોગ્ય રીતે પૂરૂં કરવામાં ન આવે તો પછી એનું કંઇ જ મહત્ત્વ રહેતું નથી અર્થાત્ કર્યું - ન કર્યું બરાબર જ થાય છે.'

ચૂંટાયા પછી નેતાઓ મેમોરેન્ડમ-રજૂઆત અરજીઓ સ્વીકારે તો છે પછી 'વખાર'માં નાખી દે અને મહીનાઓ પછી છાપેલાં કાંટલા જેવો જવાબ આવે 'જે તે વિભાગને વિચારણા માટે મોકલી દીધી છે.' અરજદાર બિચારો મનમાં બોલે 'તેં શું કર્યું?'

એવી જ રીતે ઉત્સાહી લોકો કામની જવાબદારી સ્વીકારે તો ખરા પણ મરતે મરતે-પરાણે-મુદ્દત વિત્યા પછી હાથમાં લે કે અનેક ઉઘરાણાં પછી જ કરે એ કામ થાય તો પણ એની મજા રહેતી નથી. થવાનો આનંદ આવતો નથી.

જે કામ કરવાનું સ્વીકાર્યું હોય તે ત્વરિત અને સારી રીતે પૂર્ણ કરવું (વેઠ નહીં) એવી જ રીતે કોઇને સાથે કરેલો નાણાંકીય વ્યવહાર પણ સમયસર સાચવી લેવો અનેક ઉઘરાણી અને સંબંધ ખાટા થઇ જાય ત્યાં સુધી-કાલ-પછી-કર્યા કરવાનો અર્થ નથી.

## સુવિચાર

- પ્રબળ, પ્રખર પુરૂષાર્થ કોઇ હાથચાલાકી નથી હોતી - *કપિલદેવ*
- સાચા અર્થમાં 'બહેરો' એ છે જેને પોતાના અંતરાત્માનો અવાજ નથી સંભળાતો - *સ્વીસ કહેવત*
- જૂના, પુરાણા, અવ્યહારૂ, અતાર્કિક વિચારો અને કુંઠિત લાગણીઓ ને છોડવાની પ્રક્રિયા જ કદાચ 'મહાભિનિષ્ક્રમણ' કહેવાઇ હશે - *એસ. ભટ્ટાચાર્ય*
- મોત આવીને ઊભું રહી જાય છે, તોય જીવવાનું ક્યાં શરૂ થાય છે - *રવીન્દ્ર પારેખ*
- પૈસો આવશ્યકતા છે અને હોવો જોઇએ, સમસ્યા એ પ્રાથમિકતા બની જાય પછી શરૂ થાય છે - *હિતેન આનંદપરા*
- 'આનંદ'નું પણ એક અજબ પ્રકારનું ગણિત છે, જયારે પણ એના ભાગલા પાડો-વહેંચો એટલો જ એનો ગુણાકાર થાય - *ધર્મસૂત્ર*
- સમગ્ર પૃથ્વી પર માણસ જ એવું એક પ્રાણી છે જે પોતાના પુખ્ત સંતાનોને ઘરે પાછાં ફરવાની છૂટ આપે છે - *બીલ કોસ્બી*

*(સંકલન : દીપક વી.આસરા)*

## બોધ કથા

હાલમાં ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા રાહી સાહેબની ગુજરાતી ગઝલ પઠનનો અદ્‌ભૂત કાર્યક્રમ થયો. શ્રી ભરત કવિ પ્રમુખ થયા પછી એમના નેજાનો આ પ્રથમ અને આવો સાહિત્યકી કાર્યક્રમ પણ પ્રથમવાર થયો. ગુજરાતી 'ગઝલકારો'ને ગઝલનું નામ અને સ્થાન છે.

એકવાર અમદાવાદમાં મઝરૂહ સાહેબની ગઝલનો ઉર્દૂ ગઝલનો જ કાર્યક્રમ હતો અને ઉર્દૂના જ જાણીતા-માનીતા શાયરો આવ્યા હતા.

ગુજરાતની ગઝલપ્રેમી જનતાથી હોલ ભરચક હતો. એમાં પાછળની હરોળમાં ગુજરાતના ગઝલકાર 'જલનમાતરી' પણ આ ઉર્દૂ શાયરોનો મુશાયરો માણવા બેઠા હતા. આદિલ મન્સૂરી જે આ મુશાયરાનું સંચાલન કરતા હતા એમની હાજરીનો નોંધ લીધી અને સ્ટેજ પર પધારવા વિનંતી કરી.

માતરી સાહેબે હાથ જોડી ક્ષમા માગી અને કહ્યું 'ઉર્દૂ મુશાયરામાં મારૂં કામ નહીં હું તો કાર્યક્રમ માણવા આવ્યો છું.'

કાર્યક્રમ પૂરો થવાની અંતિમ ક્ષણે -મજરૂહ સાહેબ જાતે માઇકમાં માતરી સાહેબને વિનંતી કરી એક ગુજરાતી નજમ સંભળાવવા વિ. કરી... અને માતરી સાહેબે ગુજરાતી ગઝલ કહી. આખા કાર્યક્રમમાં જેટલી તાળીઓ નો'તી પડી એટલી દાદ મળી. મજરૂહે કહ્યું, જલન સા'બ કયા ખૂબ! આપ ઉર્દૂમેં ભી લીખીએ આપકા નામ હો જાયેગા..

Email - sureshchandrabhatt18@gmail.com

# પાણીનું ડહોળાપણું શેના દ્વારા માપી શકાય છે?

## ખજાનો

- ડો. અનિલ. પટેલ

### વિજ્ઞાનજગત

(૧) મેલેરીયાની દવા ક્વિનાઇન એ વિષુવવૃત્તના જંગલના કયા ઝાડની છાલની જડીબુટ્ટી છે?
(અ) લીમડો (બ) પાઈન
(ક) સિંકોના (ડ) પીચ
(૨) પેશ્ચુરાઈઝેશન માટે દૂધના કેટલા અંસ સેન્ટ્રીગ્રેડ 'ગરમ' કરવામાં આવે છે?
(અ) ૪૦ સે. (બ) ૬૨ સે.
(ક) ૫૨ સે. (ડ) ૭૨ સે.
(૩) રૂધિરનું દબાણ માપવા માટે કયું સાધન વપરાય છે?
(અ) કાર્ડિયોગ્રામ (બ) પોલીગ્રાફ
(ક) સ્ટેથોસ્કોપ (ડ) સ્ફિગમોમેનોનીટર
(૪) માનવીનું વૈજ્ઞાનિક નામ શું છે?
(અ) હિમોસેપીયન્સ (બ) ટીબી
(ક) ઈન્ડોમીન (ડ) સાયકોફીન
(૫) સિમ્પલી રેડ ટેસ્ટ કયા ખતરનાક રોગના ચકાસણીની નવી પદ્ધતિ છે?
(અ) કોલેરા (બ) ટીબી
(ક) એઈડસ (ડ) કેન્સર
(૬) જીરોન્ટોલોજી કયા ક્ષેત્રનું વિજ્ઞાન છે?
(અ) વૃદ્ધાવસ્થાનું વિજ્ઞાન (બ) વૃદ્ધાવસ્થાનો રોગ
(ક) વૃદ્ધાવસ્થાની સંભાળ (ડ) બાલ્યાવસ્થાનું વિજ્ઞાન
(૭) ફળોને પકવવા માટે કયા વાયુનો ઉપયોગ લેવયા છે?
(અ) મિથેન (બ) હાઈડ્રોજન
(ડ) ઈથેન (ડ) ઈથીલીન
(૮) વિટામીન-ઈનું રાસાયણિક નામ શું છે?
(અ) ટોકોફેરોલ (બ) ફોલિક એસિડ
(ક) પાયરીડોક્સીન (ડ) નિકોટોનિક્સ એસિડ
(૯) કયો વાયુ સ્ફૂર્તિદાયક હોય છે?
(અ) ઓક્સિજન (બ) કલોરિન
(ક) એમોનીયા (ડ) ઓઝોન
(૧૦) પાણીનું ડહોળાપણું શેના દ્વારા માપી શકાય છે?
(અ) ફલોરોમીટર (બ) નેફલોમીટર
(ક) સ્પેકટ્રોમીટર (ડ) સ્પીડોમીટર
(૧૧) ટર્પેન્ટાઈન તેલ કયા વૃક્ષમાંથી મળે છે?
(અ) સાગ (બ) પાઈન (ક) નિલગીરી (ડ) ઓલિવ
(૧૨) કોમ્પ્યુટર ચિપ્સના ઉત્પાદનમાં નીચેનામાંથી કયો પદાર્થ ઉપયોગમાં લેવાય છે?
(અ) સિલિકોન (બ) ગેલીયમ આર્સેનાઈડ
(ક) કાર્બન (ડ) ગેલીયમ
(૧૩) દારૂ પીવાથી વ્યક્તિના શરીરના કયા ભાગ પર અસર કરે છે? જેથી તે લથડીયાં ખાય છે?
(અ) સેરીબ્રમ (બ) હાયપોથેલમસ
(ક) સેરીબ્રેલમ (ડ) મેડ્યુલા
(૧૪) સૂર્યના તાપનું માપન કરવા માટે શું ઉપયોગમાં લેવાય છે?
(અ) સૌરમીટર (બ) ગેસ થર્મોમીટર
(ક) પાઈરોમીટર (ડ) બાષ્પોમીટર
(૧૫) ગ્લુકોમા માનવ શરીરના કયા અંગની બિમારી છે?
(અ) ફેફસાં (બ) કાન
(ક) હૃદય (ડ) આંખ

### વિવિધા

*(આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોનાં જન્મદિવસ)*

- ૨૫ એપ્રિલ ૧૯૧૮ ગેડાર્ડ હેનરી વેક્યુલર્સ- ફ્રેન્ચ-બોર્ન અમેરીકન ખગોળ વૈજ્ઞાની ગેલેકસી પર સંશોધન.
- ૨૫ એપ્રિલ ૧૯૦૩ મેયર ફોટર્સ-ઈંગ્લીશ સોશિયલ એન્થ્રોપોલોજીસ્ટ
- ૨૫ એપ્રિલ ૧૯૦૦ વોલ્ફગન પોલી-ઓસ્ટ્રેલીયન-અમેરિકન ભૌતિકશાસ્ત્રી ૧૯૪૫માં નોબેલ પારિતોષિક વિજેતા
- ૨૬ એપ્રિલ ૧૯૩૩ અર્નો પેન્ઝીયાસ-જર્મન અમેરીકન અવકાશ વૈજ્ઞાનિક-૧૯૭૮માં નોબેલ પારિતોષિક વિજેતા
- ૨૬ એપ્રિલ ૧૯૩૨ મિચેલ સ્મિથ-બોર્ન કેનેડીયન બાયોકેમીસ્ટ, ૧૯૭૮માં નોબેલ પારિતોષિક વિજેતા
- ૨૬ એપ્રિલ ૧૯૦૦ ચાર્લ્સ રીચટર-અમેરીકન સિસ્મોલોજીસ્ટ, ધરતીકંપના આંચકા માપવાનું સાધન રીક્ટર સ્કેલના શોધક.
- ૨૭ એપ્રિલ ૧૯૩૨ ગેઈન-કાર્લો રોટા-ઈટાલીયન-અમેરીકન મેથેમેટીશીયન અને ફિલોસોફર અને લેખક
- ૨૭ એપ્રિલ ૧૯૧૩ ફિલીપ હબ એબલ્શન-અમેરિકન ભૌતિક રસાયણશાસ્ત્રી-યુરેનિયમ ૨૩૫ પર શોધ કરી.
- ૨૭ એપ્રિલ ૧૯૦૩ હેન્સ કોત્સેલરીઝ-જર્મન બોર્ન બ્રિટીશ ફાર્માલોજીસ્ટ.
- ૨૮ એપ્રિલ ૧૯૨૮ જેને સોમકર-અમેરિકન પ્લેનેટરી જીઓલોજીસ્ટ વૈજ્ઞાનિક
- ૨૮ એપ્રિલ ૧૯૧૬ ફેર્યુશિયો લેમ્બોર્ગીની - ઓટોમોબાઈલ એન્જીનીયર, ઈટાલીયન ઉદ્યોગપતિ અને લકઝુરી કાર કંપનીના સ્થાપક.
- ૨૮ એપ્રિલ ૧૯૦૬ કુર્ટ ગોડેલ-ઓસ્ટ્રેલિયન બોર્ન અમેરિકન મેથેમેટીશીયન
- ૨૯ એપ્રિલ ૧૮૯૪ મેરીએટ્ટા બ્લાયુ-ઓસ્ટ્રેલિયન ન્યુક્લિયર ભૌતિકશાસ્ત્રી, મહિલા વૈજ્ઞાનિક, ગામા કિરણો પર સંશોધન
- ૨૯ એપ્રિલ ૧૮૫૪ હેનરી પાયોનકર-ફ્રેન્ચ મેથેમેટીશનય ભૌતિકશાસ્ત્રી અને ખગોળશાસ્ત્રી
- ૩૦ એપ્રિલ ૧૯૦૪ જયોર્જ રોબર્ટ સિબિત્ઝ-અમેરિકન ગણીતશાસ્ત્રી 'ફાધર ઓફ ધ મોર્ડન ડિઝીટલ કોમ્પ્યુટર.'
- ૩૦ એપ્રિલ ૧૯૧૩ જયોન લુબોર્ક (લોર્ડ એવબરી) ઈંગ્લીશ પર્યાવરણવિદ્ અને આર્કિયોલોજીસ્ટ
- ૩૦ એપ્રિલ ૧૮૫૭ યુઝન બ્લેયર-સ્વીઝ ભૌતિકશાસ્ત્રી
- ૧ મે ૧૯૨૫ સ્કોટ કાર્પોન્ટર-અમેરિકન એસ્ટ્રોનટ.
- ૧ મે ૧૯૫૫ પીયરે ટેઈલહર્ડ -ફ્રેન્ચ ફિલોસોફર અને પ્લેનેટોલોજીસ્ટ
- ૧ મે ૧૯૮૫૨ સેન્ટીઓગો રામોનો કેઝેલ-સ્પેનીશ હિસ્ટોલોજીસ્ટ-૧૯૦૬માં નોબેલ પારિતોષિક વિજેતા

### ગયા સપ્તાહનો સવાલનો જવાબ :

**ભારતના નવા જલસેના અધ્યક્ષ (એડમીરલ) તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી?**

**જવાબ : આર.કે. ધવન**

### સાચા જવાબ આપનાર પત્રમિત્રો :

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭-ડી
(૨) નટુભાઈ પટેલ : પેથાપુર
(૩) મહેશ એમ. જાદવ : સે-૩૦

### આ સપ્તાહનો સવાલ ?

**'જય જવાન, જય કિશાન, જય વિજ્ઞાન' સૂત્ર કયા પૂર્વ વડાપ્રધાને આપ્યું હતું?**

**આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ**
**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર**

### સાચા જવાબો

(૧) ક (૨) ડ (૩) ડ (૪) અ (૫) ક (૬) અ (૭) ડ (૮) અ (૯) ડ (૧૦) બ (૧૧) બ (૧૨) અ (૧૩) ક (૧૪) ક (૧૫) ડ

# ડૉ. ભીમરાવ આંબેડકર : માણસ નહીં પણ ચેતના...

## ધ કોફી હાઉસ

-ઉત્સવ પરમાર

ડો.ભીમરાવ આંબેડકર, ભારત ના ૫૦૦૦ વરસ જૂના દમિત અને શોષિત તવારીખને ફગાવી દેનાર ઈતિહાસ પુરુષ! ડૉ.આંબેડકરે જો આત્મકથા લખી હોત તો કંટાળી અને લોખંડી જાતિ વ્યવસ્થા નો કાદવ દુનિયા સામે વધુ ત્વરા અને તીવ્રતા થી ખુલ્લો પડી જાત! માણસને માણસના ગણી શકતી અને તે પણ ધર્મ ના નામે થતી વ્યવસ્થા ને કઈ રીતે વ્યવસ્થા ગણવી? આત્મકથા નથી પણ દિલ ના દરવાજે દસ્તક નામના નાનકડા પુસ્તકમાં બાબાસાહેબ ના લખાણો કદાચ આ માણસ ના હ્રદય ની ભીતરના અનુભવો ને આપણી આંખ વેધી ડે ઉતારે

● ● ●

તેઓ લખે છે -

બાળપણ વિષે વિચાર કરું ત્યારે ખુદ મને નવાઈ લાગે છે. હું બાર-તેર વરસ નો થયો ત્યાં લગી લોકો ને ખાતરી થઈ ચુકી હતી કે? છોકરો ખાનદાનનું નામ બોળવાનો છે' અને 'જીવનમાં કશું ઉકાળી શકવાનો નથી'. તેનું એક કારણ એ પણ હતું કે બાર તેર વસર સુધી હું શરીર પર ફક્ત લંગોટી સિવાય બીજું કોઈ કપડું પહેરતો ન હતો.

● ● ●

શુરુઆત ના વર્ષો માં મને ભણવામાં રસ પડતો ન હતો.

● ● ●

દાદા કેલુસ્કરે ઈનામ તરીકે મને બુદ્ધ નું ચરિત્ર આપ્યું.

● ● ●

મારા ત્રણ ગુરુ છે. બુદ્ધ,કબીર અને જોતિબા ફૂલે

● ● ●

મારું બીજું બળ છે વિનય. મેં જિંદગી માં કદી કોઈ ની પાસે દયા ની અપેક્ષા નથી રાખી.

● ● ●

મારું સ્વાભિમાન એટલું બળ છે કે એની સામે હું ઈશ્વર ની સત્તાનો પણ સ્વીકાર કરતો નથી.

● ● ●

હા, પુસ્તકો અને કપડાંનો મને અજબ શોખ છે.

● ● ●

મહાડ નો જળ સત્યાગ્રહ, નાસિક નો મંદિર વેશ સત્યાગ્રહ જેવા સત્યાગ્રહ કર્યા, પણ કોઈએ સત્યાગ્રહ તરફ સહાનુભુતિ દેખાડી નથી. અખબારો અમારા ઠઠ્ઠા ચિત્રો અને કાર્ટૂન છાપતા હતા. પત્રકારો કદી અમને મળવા આવતા નહિ ને અમારી વાત ને પણ છાપતા નહિ.

● ● ●

મને પહેલે થી જ શાળા ના અભ્યાસ ના પુસ્તકો ને બદલે ઈતર વાચન નો શોખ હતો.

● ● ●

મારી પાસે પોતાના ખરીદેલા પુસ્તકો જ હોવા જોઈએ, એવો મારો આગ્રહ હતો. એના પરિણામે મારી હાલ ની લાયબ્રેરી બની શકી છે.

● ● ●

મારા પિતાજી ઘરેણાં ગિરવે મૂકી ને તે મારા પુસ્તકો લાવી આપતા હતા.

● ● ●

વડોદરા પહોચ્યા ના ૧૧ દિવસ બાદ જ પિતાજી નો દેહાંત થયો.

● ● ●

મને ભાષાઓ માટે લગાવ છે. મને અંગ્રેજી, મરાઠી અને ફ્રેંચ ભાષા નું જ્ઞાન છે. જર્મન ભાષા નો પણ મેં અભ્યાસ કર્યો છે. પણ આજે હવે એવો મહાવરો નથી. પરમ દિવસે (૩૦-૧૧-૧૯૪૫) મેં અમદાવાદ માં ગુજરાતી માં ભાષણ કર્યુ હતું એ તો તમે બધા જાણો છો.

● ● ●

એ દિવસે અમને બહુ ઉત્સુકતા હતી કેમ કે અમારા માં થી કોઈએ ત્યાં લગી કોઈ ટ્રેન જોઈ જ નહતી

● ● ●

માણસો નો અભાવ મેં પુસ્તકો થી સરભર કરવાનો યત્ન કર્યો અને એકાંત ખૂટાડવા હું વાંચતો જ રહ્યો.

આ ફક્ત કેટલાક રેન્ડમ વાક્યો છે, લીટીઓ છે...પણ તે જીવાઈ છે ખરેખર જીવાઈ છે એ માણસ જીવ્યો છે...નાક માં થી બહાર નીકળતા ઉચ્છવાસની જેમ ...

ડૉ. ભીમરાવ આંબેડકર ભારત ની સામાજીક વ્યવસ્થા ની અવ્યવસ્થાને ઉખાડી ફેકનાર માણસ! ગાંધીજી ની લોકયિતા સામે ઝીક જીલી અને મતભેદો સાથે શક્તિઓ નો આ ટકરાવ સ્વતંત્રતાપર્યત ચાલ્યો. ડો.આંબેડકરની સ્કૂલના પાઠ્યપુસ્તકો કે કોઈ સસ્તી જનરલ નોલેજ ની ચોપડીના વન લાઈનર માં ફક્ત બંધારણ ના ઘડવૈયા તરીકેની જ છે. પણ ડૉ. આંબેડકર તેના થી પણ વધુ ભારતીય સમાજ ના આધુનિક ઘડવૈયા છે. એક સમય મનુ સ્મૃતિ ને સળગાવી ને સદીઓ જૂની પરંપરાઓ ને નિર્ભયતા થી ફગાવી દેનાર આંબેડકર ને કેટલાક લોકો આધુનિક મનુ તરીકે પણ ઓળખાવે છે પણ આ ઉપમા સદંતર જૂઠી અને ખોટી છે. આંબેડકર નો ધ્યેય ઉબડખાબડ સમાજ ને સમથળ કરવાનો છે અને એને જ તેઓ સામાજિક ન્યાય ની પૃષ્ઠ ભૂમિ કહે છે અને તેના માટે રીઝર્વેશન એક રસ્તો છે - જે અસમાનતા ને સમાનતા માં અને વિષમતાને સમતા માં ફેરવી શકે. રિઝર્વેશનનો વિરોધ કરનારા લોકો એ ના ભૂલે કે વર્ણ વ્યવસ્થા પણ એક કાર નું રિઝર્વેશન જ હતું. બ્રાહ્મણ તરીકે જન્મેલા માણસ માટે અમુક કાર્યો રીઝર્વ કે અનામત હતા તો શુદ્ર માટે અમુક કામો રીઝર્વ હતા. હિમાયતીઓ તેને શ્રમ વિભાજનની વૈજ્ઞાનિક ઉપમા આપી ને તેને ન્યાયોચિત ઠેરવવાની કોશિશો કર્યા કરે છે પણ આજની વ્યવસ્થા સામે તેમને રીવર્સ ડીસ્ક્રીમીનેશન કે તિ-ભેદભાવ ની અવધારણા દેખાય છે. સોશ્યલ એન્જીનીયરીગ નો કન્સેપ્ટ હજી કેટલાક મગજો ની બાહ્ય સપાટી પર થી નીચે નથી ઉતર્યો.

વેલ, ડૉ. આંબેડકર બહિષ્કાર પામેલા ભારત ના તિનિધિ હતા, જેમણે પુષ્કળ અભ્યાસ અને સંઘર્ષ થકી એક એવા ભારતને દિશા બતાવી જે ગુલામોનું પણ ગુલામ હતું, જેની ચેતના અને આત્મ સમ્માનના અવશેષ પણ સમયના ઈતિહાસ માંડે સુધી જડે એમ નહતા. કબીર અને જયોતિબા ફૂલે જેવા કર્મઠ માણસો ની એક સાવ નોખી પરંપરા આંબેડકરે જાળવી રાખી.

આંબેડકર અર્થ શાસ્ત્રી પણ હતાઅને તેમના પી.એચ.ડી.નો વિષય હતો રૂપિયાની સમસ્યા પર આજીવન લેખન કાર્ય કર્યુ છે. આંદોલનોના અને સ્વતંત્રતા સંગ્રામના દિવસો માં ભાગ્યે જ કોઈ લોકનેતા એ આટલું બધું લખાણ લખ્યું હશે. ૧૯૪૦માં લખેલું એમનું પુસ્તક - થોટ્સ ઓન પાકિસ્તાન - એમની દુરદર્શિતા નો પરિચય આપે છે. વેધક તર્ક અને ઈતિહાસ વડે ડો.આંબેડકરે મોડ લઈ રહેલા હિન્દોસ્તાંને પોતાનો વર્તમાન સમજવામાં મદદ કરી. અસ્પૃશ્યતા અને શુદ્રો અંગે ના અભ્યાસ પુસ્તકો એ સૌ થમ વાર ભારતીય અન્યાયી સમાજ વ્યસ્વથા તરફ દુનિયાભરનું ધ્યાન ખેંચ્યું. શરૂઆત માં ડો. આંબેડકર હિંદુ ધર્મના વિરોધી નહોતા, તેઓ ધર્મના માળખામાં રહીને જ સુધાર કરવા માંગતા હતા. નાસિકનો મંદિર વેશ સત્યાગ્રહ તેનું એક માણ છે પણ કદાચ તેમના યત્નો એટલી હદે સફળ ના રહ્યા અને તેમણે માન્યતા બદલી. ૧૯૫૬ માં ડો.આંબેડકર એક ક્રાંતિકારી પગલા નીચે બૌદ્ધ ધર્મ ને ભારત માં સજીવિત કરે છે અને ડો.આંબેડકર અને તેમના લાખો અનુયાયી બૌદ્ધ ધર્મ સ્વીકારે છે. લાખો લોકો એમની કલંકિત ધાર્મિક ઓળખ ફગાવી ને નવી ઓળખ ધારણ કરે છે. ભારત ભર માં દલિતો આ કારે ધર્મ પરિવર્તન દ્વારા અસ્પૃશ્યતા ના કલંક થી બચવા મથે છે પણ ધાર્મિક ઓળખ બદલાયા છતાં તેમના સામજિક સ્તર માં ખાસ નોંધપાત્ર સુધારો થતો નથી.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# ઈતિહાસમાં થયેલી ભૂલોનું પુનરાવર્તન ન થાય એવી જો આપણી ઈચ્છા હોય તો ઈતિહાસ જાણવો તો જોઈએ! ઈતિહાસ જાણવાનો અર્થ છે, એની સારી-માઠી બધી વાતોને જાણવી... એને સમગ્રયાથી સમજવી

## ઇતિહાસના દર્પણમાં ભવિષ્યનું દર્શન

- હર્ષદ પ્ર. શાહ

● **ઇતિહાસની શીખ :** ઇતિહાસ શીખવે છે મૂલ્યો... મૂલ્યો સાથે જીવવું. મૂલ્યો એ માટીની મહેક છે. સત્યમેવ જયતે । ... સત્યનો જય થાય છે એવી વાતમાં આ રાષ્ટ્રનો વિશ્વાસ છે. એ મૂલ્યની પ્રતિષ્ઠા માટે ઇતિહાસે ભેટ આપી રાજા હરિશ્ચંદ્રની અને મહાત્મા ગાંધીજીની. સત્યં વદ, પ્રિયં વદ । સત્ય તો બોલો, પણ એ રૂચિકર બની રહે તે જુઓ. વાણી કર્કશતા અને મધુરતા બંને સર્જી જાણે છે. વાણીની કર્કશતા યુદ્ધ સર્જે છે. મહાભારત સર્જાયું દ્રૌપણીએ દુર્યોધન માટે ઉચ્ચારેલા કડવા વેણને પગલે... વાણીની મધુરતા સ્વર્ગ સજાવે છે. મહાવીર અને બુદ્ધની વાણીને પગલે... વાણીની મધુરતા સ્વર્ગ સજાવે છે. મહાવીર અને બુદ્ધની વાણીએ અહિંસા અને સત્યનું પ્રસ્થાપન કર્યું અને નિર્ભયતાનો આવિષ્કાર કર્યો. ભાતૃપ્રેમ અને પિતૃ-આજ્ઞાપાલનનાં અનન્ય ઉદાહરણો રામાયણ પૂરાં પાડ્યા. સર્વધર્મે નિધનં શ્રેયઃ પરધર્મો ભયાવહ્- ગીતામાં શ્રીકૃષ્ણે ઉચ્ચારેલાં આ વેણને વીર હકીકતરાય અને ગુરૂપુત્રોએ કોરાં ન રહેવા દીધાં... પોતાના રક્તથી ભીંજવ્યા. જનની જન્મભૂમિ સ્વર્ગાદપિ ગરીયસી - એવા અત્યંત ઊંચા અને ગરિમાપૂર્ણ કથનને પ્રભુ શ્રી રામચંદ્રજીએ સાક્ષાત્ કર્યું. આત્મવત્ સર્વભૂતેષુ એ શાસ્ત્રમાં પડી રહેલું જ સૂત્ર ન બની રહ્યું, પરંતુ ભારતની ઇતિહાસયાત્રાનાં ચિરંજીવ પાત્રો - સંત એકનાથ, સંત નામદેવ, સંત જ્ઞાનેશ્વર જેવા સંતોનું જીવન એ સૂત્રનું મહાભાષ્ય બની રહ્યું. વસુધૈવ કુટુમ્બકમ્ એ કેવળ કોઇ ઋષિના મોઢામાંથી નીકળેલું સૂત્ર જ ન હતું પણ અગસ્ત્ય, કમ્બ, કશ્યમ, કણાદ જેવા ઋષિ-મહર્ષિઓએ સમગ્ર વિશ્વમાં ફરી ફરીને જ્ઞાનની લહાણી કરી હતી અને વિશ્વ સમસ્તને 'વૈદિક વિશ્વ રાષ્ટ્ર'... એક વિશાળ કુટુંબ બનાવ્યું હતું.

દેશ માટે જીવવું એટલે શું અને મરવું એટલે શું... એ ઇતિહાસે અસંખ્ય પાત્રો દ્વારા આપણને શીખવ્યું અને ચેન્નમ્મા ઇતિહાસે જીવતં કરી. ત્યાગ જેવા શબ્દમાં અર્થ ભરવા માટે ઇતિહાસે રાજા શિબિ, જગજુશાહ અને ભામાશાહ જેવા મનુષ્યોનું સર્જન કર્યું. ધર્મરાજ યુધિષ્ઠિર ભલે ૫૨૦૦ વર્ષ પહેલાં થયા... પણ, આધુનિક યુગમાં ધર્મને પારિભાષિત કરવા માટે ઇતિહાસે સ્વામી વિવેકાનંદ, સ્વામી રામતીર્થ, શંકરાચાર્ય, સ્વામી સહજાનંદ અને ચૈતન્ય મહાપ્રભુ જેવા શ્રેષ્ટ લોકોનું અવતરણ કરાવ્યું.

જીવનને ઉન્નત બનાવવા માટે જે જે ગુણ કે સંસ્કારની આવશ્યકતા છે તે બધાનો સાક્ષાત્કાર કરાવવા ઇતિહાસ - પુરૂષે અસંખ્ય નર-નારી રત્નોની ભેટ આપી છે. આવા ઇતિહાસને ઘર-ઘરમાં જીવતો કરીએ. ઇતિહાસ માત્ર પાઠ્યપુસ્તકોમાં પાનામાં જકડાયેલો હોય એ માન્ય નથી.

ઇતિહાસ તો ઘરે ઘરમાં અને વ્યક્તિ-વ્યક્તિમાં ચેતના જગાડવા સમર્થ છે. ગઇ ગુજરી ભૂલી જાવ... ભૂતકાળને વાગોળ વાગોળ શું કરો છો... એવા ઉદ્‌ગારો કાઢનાર પ્રેરણાના એક મહાન સ્ત્રોતના દરવાજાને બંધ કરી દે છે. ઇતિહાસ જીવન-મૂલ્યોનું દર્પણ છે... તો એની ઉપર ભૂલોનું ઝાળું પણ બાઝેલું હોય છે. ઝાળાને સાફ કરવાથી દર્પણમાં સ્વચ્છ પ્રતિબિંબ દેખાય છે. ઇતિહાસમાં થયેલી ભૂલોનું પુનરાવર્તન ન થાય એવી જો આપણી ઇચ્છા હોય તો ઇતિહાસ જાણવો તો જોઇએ! ઇતિહાસ જાણવાનો અર્થ છે. એની સારી-માઠી બધી વાતોને જાણવી... એને સમગ્રયાથી સમજવી.

... પણ, આજકાલનાં પાઠ્યપુસ્તકોમાં ઇતિહાસ ખૂબ અરૂચિકરણ પદ્ધતિથી ભણાવવામાં આવે છે. કથા-વાર્તા દ્વારા પાત્રોને જીવંત કરવા જોઇએ. આ કામ સમર્થ શિક્ષકો કરી શકે, માતા-પિતા, દાદા-દાદી કરી શકે. દેશનો ઘણો ખરો ઇતિહાસ તો ઘરમાંથી જ શીખી શકાય. પણ... કૂવામાં હોય તો હવાડામાં આવે ને? ઘરનાં વ્યક્તિઓએ ઘરમાં ઇતિહાસનાં પુસ્તકો વસાવવા જોઇએ. બાળકોને રોજ રાત્રે ઇતિહાસની વાતો કરવી જોઇએ. પણ વર્તમાન શિક્ષણ પદ્ધતિએ આવી મોકળાશ છીનવી લીધી છે... અને ઇતિહાસને કેવળ ભૂતકાળનો વિષય જ બનાવી દીધો છે.

મારૂં સ્પષ્ટપણે એવું માનવું છે કે ભાષા અને ઇતિહાસ - આ બે વિષયો મનુષ્યને સંસ્કૃતિની સમીપ લઇ જાય છે. અહીં... ભાષા એટલે માતૃભાષા... રાષ્ટ્રભાષા. માતૃભાષા અને સ્વદેશનો ઇતિહાસ સંસ્કૃતિનું સંરક્ષણ કરનારા પરિબળો છે. માટે, દરેક પરિવાર આ વિષયો પ્રત્યે વિશેષ ધ્યાન આપશે તો વિશેષ લાભ થશે... શક્ય છે કે એ વિષયોથી જાગતું આત્મગૌરવ અને રાષ્ટ્રગૌરવ આજના બાળકની દિશા બદલી શકશે. શક્ય છે કે આ પ્રક્રિયા સુંદર રીતે થાય તો આપનું બાળક ઇતિહાસમાં સ્થાન પામે, સ્વયં ઇતિહાસ બની જાય!

ઇતિહાસના વિષયનું સમાપન કરતાં છેલ્લે એવું લકવાનો લોભ જાગે છે કે ૨૦૦૭નું વર્ષ '૧૮૫૭ ના મહાસમર' ની મહાન ઐતિહાસિક ઘટનાનું સાર્ધ-શતાબ્દી (૧૫૦મું) વર્ષ છે... એ ઘટનાને અવિસ્મરણીય બનાવજો. બાળકને ૧૮૫૭ની અદ્‌ભૂત શૌર્ય-ગાથાઓનો પરિચય કરાવજો.

શક્ય છે કે હવે પછીના અંકમાં હું આપની સામે ૧૮૫૭નાં પાવન સંસ્મરણો લઇને ઉપસ્થિત થાઉં.